વલસાડના છીપવાડ અને કૈલાસ રોડ પરથી પાણી ઊતરતા રાહત

શુક્રવારે રાત્રે છીપવાડ તેમજ કૈલાસ રોડ પર પાણી ભરાઈ ગયા હતા

બજારોમાં અને મકાનોમાં તંત્ર અને લોકોએ સફાઇ કામ શરૂ કર્યું હતું

વલસાડ : છેલ્લા 24 કલાકમાં સરેરાશ 3.39 ઇંચ વરસાદ; છીપવાડ અને કૈલાસ રોડ પરથી પાણી ઉતરતાં લોકોએ રાહત અનુભવી હતી. જો કે, છીપવાડમાં લોકોએ દુકાન અને મકાનોમાં સફાઇ કામગીરી શરુ કરી હતી.

વલસાડ જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન સરેરાશ 86 મી.મી. (3.39 ઇંચ) વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદની બીજી ઘુંઆધાર ઇનિંગ્સને કારણે જિલ્લામાં ફરી એકવાર પૂર જેવી સ્થિતિ સર્જાવાની આશંકા ઉભી થઈ હતી. ઉપરવાસમાં વરસાદ વધતાં નીચાણવાળા વિસ્તારો માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. જોકે વરસાદનું જોર ઘટતાં અને નદીઓની સ્થિતિ નિયંત્રણમાં રહેતાં જિલ્લામાંથી ખતરાના વાદળો દૂર થયા છે.

શુક્રવારે રાત્રિના સમયે વલસાડ શહેરના છીપવાડ વિસ્તાર તેમજ કૈલાસ રોડ પર ભારે વરસાદને કારણે પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે થોડા સમય માટે વાહનવ્યવહારને અસર પહોંચી હતી અને સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ હતી.

જોકે વરસાદનું જોર ઘટતા અને પાણીનો નિકાલ થતાં થોડા જ કલાકોમાં બંને વિસ્તારોમાંથી પાણી ઉતરી ગયા હતા, જેના કારણે સ્થાનિક રહેવાસીઓ અને વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

વલસાડનો 24 કલાકનો વરસાદ

તાલુકો	વરસાદ
કપરાડા	5.51 ઇંચ
નાનાપોંઢા	4.88 ઇંચ
ધરમપુર	4.65 ઇંચ
વલસાડ	2.95 ઇંચ
પારડી	2.87 ઇંચ
વાપી	2.36 ઇંચ
ઉમરગામ	0.47 ઇંચ

વાપી મનપાએ પૂર માટે સહાય યોજના જાહેર કરી

લારી અને રેકડીવાળાને ઉચ્ચક ૭૫૦૦ રોકડ સહાય કરવામાં આવશે

વાપી : વાપી મહાપાલિકાએ પૂરથી અસરગ્રસ્ત વેપારીઓને રોકડ સહાય માટે યોજના જાહેર કરી છે. વાપી મનપા વિસ્તારમાં પુનઃવસન માટે આર્થિક સહાય અંતર્ગત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૫/૦૭/૨૦૨૬ ના ઠરાવથી જુલાઈ -૨૬ માસ દરમ્યાન પુરના કારણે વાણિજ્ય, વેપારી અને સેવાકીય અસરગ્રસ્તોને થયેલ નુકશાની માટેની ઉચ્ચક રોકડ સહાય માટે યોજના જાહેર થઈ છે. જે અંતર્ગત કલેકટર વલસાડે તા.૦૧/૦૮/૨૦૨૬ ના હુકમથી મહાનગરપાલિકા કક્ષાની સહાય સમિતિની રચના કરી છે. વાપી મહાનગર પાલિકા વિસ્તાર માટે દુકાન, લારી,કેબિન માલિકોએ મ્યુનિસિપલ કમિશનર, વાપી મહાનગરપાલિકાને નિયત નમૂનામાં અને ચેકલિસ્ટ મુજબની વિગતો સહ વાપી ઘરવેરા વિભાગમાં અરજી કરવાની રહેશે.

લારી અને રેકડી ધારક : ઉચ્ચક રૂ. ૭૫૦૦ રોકડ

2 : 40 ફૂટ સુધીની કેબિન રૂ.૨૫૦૦૦ રોકડ સહાય
3 : 40 ફૂટથી મોટી કેબિન રૂ.૫૦૦૦૦/- ની રોકડ સહાય)
4 : પાકી દુકાન ૧૦૦૦૦૦ રોકડ સહાય)
(નોંધ : પાકી દુકાનમાં એક લાખની સહાય માટે રિટર્ન ભર્યા હોવા જોઇએ, અરજી કરવાની સમયમર્યાદા તારીખ ૩૦/૦૯/૨૦૨૬ સુધીની રહેશે.)

ડાંગમાં હજી પણ 12 કોઝવે પાણીમાં, 20 ગામ અસરગ્રસ્ત

ડાંગમાં સૌથી વધારે વઘઇમાં 7.12 ઇંચ વરસાદ નોંધાયો

સાપુતારા : ડાંગ જિલ્લામાં શુક્રવારે પડેલા ભારે વરસાદ બાદ શનિવારે પણ વરસાદ પડ્યો હતો જો કે, તેનું જોર ઘટતા જનજીવનને આંશિક રાહત મળી હતી, તેમ છતાં નદીઓમાં પાણીનો પ્રવાહ સતત બીજા દિવસે પણ ગાંડોતૂર રહ્યો હતો. શનિવારે વરસાદનું પ્રમાણ ઘટતાં હવે 12 જેટલા કોઝવેકમ પુલો પાણીમાં ગરકાવ છે જ્યારે 20 જેટલા ગામો અસરગ્રસ્ત છે. ડાંગની અંબિકા,ખાપરી, પૂર્ણા અને ગીરા નદીઓમાં સતત બીજા દિવસે પણ પાણીનો પ્રવાહ ઊંચા સ્તરે જોવા મળ્યો હતો. બીજી તરફ આહવા તાલુકાનાં ડોન હિલ સ્ટેશન જતાં માર્ગ પર માટી અને પથ્થરો ધસી પડતાં થોડા સમય માટે વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. જ્યારે વઘઇ તાલુકામાં પણ ભારે વરસાદનાં પગલે અમુક કોઝવે ક્ષતિગ્રસ્ત બન્યા હતા. તેવામાં ડાંગ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગની ટીમો દ્વારા રાઉન્ડ ધ કલોકની કામગીરી હાથ ધરી અસરગ્રસ્ત માર્ગો ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લા કર્યા હતા. ગિરિમથક સાપુતારામાં શનિવારે વરસાદી માહોલ વચ્ચે ગાઢ ધુમ્મસની સફેદ ચાદર છવાઈ ગઇ હતી.

ડાંગનો છેલ્લા 24 કલાકનો વરસાદ

વઘઇ	7.12 ઇંચ
આહવા	4.12 ઇંચ
સાપુતારા	3.92 ઇંચ
સુબિર	2.68 ઇંચ

ખેરગામમાં પાણી ફરી વળતાં ત્રણ માર્ગ બંધ કરાયા

ખેરગામ : ખેરગામ તાલુકાના ૩ જેટલા માર્ગો ઉપર પાણી ફરી વળતા માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે.

ખેરગામ તાલુકામાં શુક્રવારના રોજ સાંજે ચાર વાગ્યે થી શનિવારના રોજ સાંજે ચાર વાગ્યા સુધીમાં ૧૧૯ મીમી (૪.૭૬ ઈંચ) અને સિઝનનો કુલ ૧૦૨.૩૨ ઈંચ જેટલો થયો છે. જેના પગલે તાલુકાના ૩ જેટલા માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. આ ત્રણ માર્ગો આ સિઝનમાં એક સપ્તાહથી બંધ હોવાથી ધરમપુર તેને લાંબો ચકરાવા લઈ પોતાની મંઝીલે પહોંચવાની નોબત આવી છે.

ખેરગામ તાલુકોના બંધ માર્ગોની યાદી

1. ચીમનપાડા મરઘમાળ રોડ
2. નંદાઈ વેદાશ્રમ થી ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ
3. બહેજ કૃતિખડક રોડ

વરસાદ અને કાદવ વચ્ચે વીજકંપનીના અધિકારીઓએ પોલ સીધો કર્યો

ધરમપુર : ધરમપુર તાલુકાના ઓઝપાડા ગામના ધોધ ફળિયામાં ભારે વરસાદના કારણે વીજળીનો પોલ જોખમી રીતે ઝૂકી જતાં સ્થાનિકોમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો.

જેથી ધરમપુર જી.ઈ.બી. વિભાગે વિલંબ કર્યા વિના કામગીરી હાથ ધરી હતી. ડેપ્યુટી ઈજનેરના માર્ગદર્શન હેઠળ કોન્ટ્રાક્ટર દીપેશ પટેલ અને તેમની ટીમ જરૂરી સાધનો સાથે સ્થળ પર પહોંચી હતી. ટીમે સૌપ્રથમ જોખમી રીતે ઝૂકેલા પોલનું નિરીક્ષણ કર્યું અને ત્યારબાદ મશીનરીની મદદથી તેને સુરક્ષિત રીતે સીધો કરવાની કામગીરી પૂર્ણ કરી હતી.

પોલ ફરી ઝૂકી ન જાય અને લાંબા સમય સુધી સુરક્ષિત રહે તે માટે વધારાના સપોર્ટ વાયર (તાંણિયા) બાંધી મજબૂત આધાર આપવામાં આવ્યો હતો. ભારે વરસાદ અને કાદવ વચ્ચે પણ કર્મચારીઓએ સંપૂર્ણ સાવચેતી રાખી કામગીરી પૂર્ણ કરી હતી.

બંદર રોડ પૂરમાં ફસાયેલા ત્રણ યુવકોનું સફળ રેસ્ક્યુ

વલસાડ : વલસાડ જિલ્લામાં થઈ રહેલા અતિભારે વરસાદને કારણે ઔરંગા નદીનું જળસ્તર મોડી રાત્રે વધ્યું હતું. ત્યારે મોડી રાત્રિએ વલસાડ બંદર રોડ ઔરંગા નદીના બ્રિજ પર ત્રણ યુવકો પૂરના ધસમસતા પાણી વચ્ચે ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ વલસાડ નગરપાલિકાની ફાયરની ટીમે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. અંધારી રાત્રિમાં પણ ફાયરની ટીમ દ્વારા ત્રણેય યુવકોને બચાવી લેવામાં આવ્યા હતા.

દર વર્ષે પૂર નહીં, નવસારી માટે બનશે ફ્લડ-પ્રૂફ માસ્ટર પ્લાન

કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલની જાહેરાત

નવસારી : તાજેતરમાં આવેલા વિનાશક પૂરે નવસારી જિલ્લાના અનેક વિસ્તારોને પ્રભાવિત કર્યા બાદ હવે ભવિષ્યમાં આવી પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે સરકાર કાયમી આયોજન તરફ આગળ વધી રહી છે. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે નવસારીને "ફ્લડ-પ્રૂફ" બનાવવા માટે સર્વગ્રાહી માસ્ટર પ્લાન તૈયાર કરવાની જાહેરાત કરી છે.

પૂર બાદ રાહત, બચાવ અને પુનઃસ્થાપનની કામગીરીની સમીક્ષા માટે જિલ્લા વહીવટી તંત્ર સાથે બેઠક યોજ્યા બાદ કેન્દ્રીય મંત્રીએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ સ્થાનિક પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. બેઠકમાં જિલ્લા વહીવટી તંત્ર, મહાનગરપાલિકા અને વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે વરસાદી પાણીના નિકાલ, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના કારણો અને ભવિષ્યની વ્યૂહરચના અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સી.આર. પાટીલે જણાવ્યું હતું કે હવે માત્ર પૂર આવે ત્યારે રાહત કામગીરી પૂરતી મર્યાદિત રહેવાને બદલે, પૂર આવવાના કારણો દૂર કરવા પર ભાર મૂકવામાં આવશે.

શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી પાણીના ઝડપી નિકાલ, ડ્રેનેજ નેટવર્કના આધુનિકીકરણ, સંવેદનશીલ વિસ્તારોની ઓળખ અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને ધ્યાનમાં રાખીને વૈજ્ઞાનિક અભિગમ સાથે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવશે.

ગુંદલાવ-ખેરગામ રોડના કોઝવેનું સમારકામ શરૂ થયું

23 જુલાઈની રેલમાં કોઝવે ધોવાયો, 26મીથી સમારકામ શરૂ થયું અને 6 દિવસમાં ફરી પૂરમાં ધોવાયો

વલસાડ : વલસાડ-ગુંદલાવ-ખેરગામ રોડ પર ભારે વરસાદને કારણે ઔરંગા નદી પર આવેલ ડૂબાઉ કોઝવેના એપ્રોચ અને સરફેસનું ધોવાણ થતાં ભારે નુકસાન થયું હતું. આ નુકસાની બાદ માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ) વલસાડ દ્વારા તાત્કાલિક મરામતની કામગીરી હાથ ધરીને માર્ગને ટ્રાફિક માટે યોગ્ય બનાવી 26 જુલાઈથી વાહનવ્યવહાર માટે ફરીથી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જોકે 31 જુલાઈના રોજ ફરીથી ખાબકેલા ભારે વરસાદના પરિણામે બ્રિજ ઓવર ટોપિંગ થવાની સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે કોઝવેના એપ્રોચમાં ફરી એકવાર ધોવાણ થયું હતું. આ પરિસ્થિતિને પહોંચી વળવા અને રસ્તો ઝડપથી પૂર્વવત કરવા માટે તંત્ર દ્વારા સત્વરે પગલાં લેવામાં આવ્યા છે. વરસાદનું જોર ઘટતાં જ માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), વલસાડ દ્વારા મટીરીયલ અને મશીનરીની મદદથી યુદ્ધના ધોરણે મરામતની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ કામગીરીને ઝડપથી પૂર્ણ કરવા માટે વિભાગ દ્વારા 10 અલગ-અલગ ટીમો કામે લગાડવામાં આવી છે. આ ટીમોમાં 75 જેટલા શ્રમિકો, 11 જેસીબી મશીન, 5 ટ્રેક્ટર અને 2 ડમ્પરનો ઉપયોગ કરીને રસ્તાઓ તેમજ સીડી વર્ક્સના સમારકામની કામગીરી અત્યંત ઝડપથી કરવામાં આવી રહી છે

દમણ અને દાનહમાં વરસાદનું યલો એલર્ટ

દમણ : સંઘપ્રદેશ દમણમાં વરસાદ યથાવત રહ્યો છે. છેલ્લા 2 દિવસથી પ્રદેશમાં ધીમી ધારે અને થોડા થોડા સમયના અંતરાલ વચ્ચે વરસાદી ઝાપટા પડી રહ્યા છે. સતત વાદળછાયા વાતાવરણ વચ્ચે પડી રહેલા વરસાદના કારણે ઠંડક પ્રસરી જતાં લોકોએ અને પ્રવાસીઓએ જાણે હિલ સ્ટેશન પર આવ્યા હોય તેવી અનુભુતી કરી હતી. દમણમાં 24 કલાક દરમ્યાન 3.12 ઈંચ વરસાદ વરસવા પામ્યો છે. જ્યારે શનિવારે સવારે 8 થી સાંજે 5 દરમ્યાન ફક્ત 1.28 ઈંચ વરસાદ વરસવા પામ્યો છે. ત્યારે હવામાન વિભાગે આગામી 24 કલાક માટે દમણ તથા દાનહમાં યલો એલર્ટ જારી કરી પ્રદેશમાં 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા વ્યક્ત કરી છે.

નવસારી દસ્તુરવાડમાં દીવાલ ધરાશાયી

નવસારી : નવસારી શહેરના દસ્તુરવાડ વિસ્તારમાં આવેલા દેસાઈ ફળિયામાં રવિવારે એક જર્જરિત મકાનની દિવાલ અચાનક ધરાશાયી થઈ હતી. ઘટનાના સમયે આસપાસ કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી ગઈ હતી. દિવાલ તૂટી પડતાં નજીક પાર્ક કરાયેલું એક મોટરસાઈકલ કાટમાળ નીચે દબાઈ ગયું હતું.

ગણદેવામાં મૃતકોના પરિવારોને 15 લાખ ઉપરાંતની સહાય

નવસારી : નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ગણદેવા ગામે વીજ કરંટની દુર્ઘટનામાં જીવ ગુમાવનાર હળપતિ સમાજના ત્રણ યુવા શ્રમિકોના પરિવારજનોને સરકાર તરફથી આર્થિક સહાય અર્પણ કરવામાં આવી હતી. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ અને રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે સહાયના ચેક પરિવારજનોને આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે બંને મંત્રીઓએ શોકગ્રસ્ત પરિવારોની રૂબરૂ મુલાકાત લઈને તેમની સાથે સંવેદના વ્યક્ત કરી હતી તેમજ આ દુર્ઘટનાની ઘડીમાં સરકાર તેમની સાથે હોવાનું આશ્વાસન આપ્યું હતું. આર્થિક સહાય અંતર્ગત કલ્પેશ અરૂણભાઈ હળપતિ (ઉં.વ. 27) ના પરિવારને રૂ. 5.20 લાખ, નીતિન વિનોદભાઈ હળપતિ (ઉં.વ. 32)ના પરિવારને રૂ. 5 લાખ અને જીગર નીતિનભાઈ હળપતિ (ઉં.વ. 21) ના પરિવારને રૂ. 5.54 લાખની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ગણદેવા ગામના હટવાડા ફળિયા વિસ્તારમાં ટેમ્પો પસાર થઈ રહ્યો હતો ત્યારે તે 11 કે.વી.ના જીવંત વીજ તારના સંપર્કમાં આવતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ત્રણ યુવા શ્રમિકોના કરુણ મોત નિપજ્યા હતા, જેના પગલે સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. સહાય વિતરણ દરમિયાન સ્થાનિક આગેવાનો, અધિકારીઓ તથા ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

વાંસદા આંગડિયા લૂંટ કેસમાં ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કરાયું

લૂંટ કેસના ત્રણ આરોપીના 11 દિવસનાં રિમાન્ડ

વાંસદાઃ વાંસદા ખાતે આંગડીયા પેઢીમાં થયેલી લાખો રૂપિયાની લૂંટના કેસમાં પોલીસે તપાસને વધુ મજબૂત બનાવવા માટે આરોપી આરોપી સોપારામ ઉર્ફે સંતોષ રૂપારામજી ચૌધરી અને નરેશ ભગવાનદાસ વૈષ્ણવને સાથે ઘટનાસ્થળે રીકન્સ્ટ્રક્શન હાથ ધર્યું હતું. પોલીસ દ્વારા આરોપીને ઘટનાસ્થળે લઈ જઈ લૂંટની સમગ્ર ઘટનાનું પુનઃનિર્માણ (રીકન્સ્ટ્રક્શન) કરાયું હતું. આ દરમિયાન આરોપીએ ઘટનાના સમયે કેવી રીતે લૂંટને અંજામ આપ્યો, કયા માર્ગનો ઉપયોગ કર્યો અને ઘટનાક્રમ કેવી રીતે બન્યો તેની વિગતો પોલીસ સમક્ષ રજૂ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, રીકન્સ્ટ્રક્શનના આધારે તપાસમાં વધુ મહત્વના પુરાવા અને માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. હાલ સમગ્ર મામલે વધુ તપાસ ચાલુ છે.

આરોપીઓને વાંસદા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી ત્રણેય આરોપીના 11 દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા.

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Bharuch City Division
B/H Jilla Panchayat, Station Road, Panchbatti, Bharuch 392 001
DGVCL Toll Free No. 19123 (OR 1800 233 3003)

Tender Notice

Tenders (Nos. 8 to 11 (2026-27) are invited for carrying out monthly/ bi-monthly spot meter reading through Android Mobile Devices (PDA), spot billing, and printing & distribution of Smart Meter Bills for Bharuch East, Bharuch West, Panchbatti, Bharuch Rural and Haldarva Sub-Divisions under Bharuch City Division. Details of the tenders are available on dgvcltender.nprocure.com.

EE (O&M), Bharuch City Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

પારડીમાં ભારે પવનમાં મકાનમાં પતરાં ધસી પડ્યાં

પારડી : ભારે પવનના કારણે વલસાડના પારડીમાં એક મકાનના સાતથી આઠ પતરા ધસી ગયા હતાં. પારડી કોલેજ રોડ સ્થિત રહેતા ચંપાબેન અર્જુનભાઈ પટેલ સાંજના સાત વાગ્યાના સુમારે ઘરમાં દીવાબત્તી કરી રહ્યા હતા. તે જ સમયે તેમને છતમાંથી અવાજ આવતા ભયનો આભાસ થયો હતો અને તેઓ માચિસ કે અન્ય સામગ્રી લેવા માટે દૂર ખસ્યા હતા. તે જ ક્ષણે મકાનના આશરે ૭ થી ૮ પતરાં ધસી પડ્યા હતા.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
રજી. અને કોર્પોરેટ કચેરી: 'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત – ૩૯૫૦૦૬

વિધુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ) તરીકેના હોદ્દા માટે તા. ૦૯.૦૮.૨૦૨૬ ના રોજ રાખવામા આવેલ લેખિત પરીક્ષા મુલતવી રાખવા બાબતની સૂચના

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તા.૩૧.૦૭.૨૦૨૬ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત અન્વયે આગામી તા.૦૯.૦૮.૨૦૨૬ ના રોજ સુરત ખાતે યોજાનાર વિધુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ) સંવર્ગની લેખિત પરીક્ષા વહીવટી કારણોસર હાલ પૂરતી મુલતવી રાખવામા આવેલ છે. સદર સંવર્ગની લેખિત પરીક્ષા અંગેની નવી તારીખ ઉમેદવારોને વેબસાઈટ ઉપર જણાવવામાં આવશે. જેની તમામ ઉમેદવારો એ નોંધ લેવી તેમજ ઉમેદવારોને DGVCL ની વેબસાઈટ www.dgvcl.com/Advertisement પર નિયમિતપણે અપડેટ જોતાં રહેવા અંગે ખાસ જણાવવામાં આવે છે.

કા.વા. વિશેષ મહાપ્રબંધક (મા.સં.), દ.ગુ.વી.કં.લિ., સુરત

ઓનલાઈન જાહેર નિવિદા - ૬૪ (૨૦૨૬-૨૭)
પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ગાંધીનગર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)

અધિક્ષક ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ,ડી-૧ થી ડી-૧૨ સ્ટાફ ક્વાટર્સની પાસે,નવી સીવીલ હોસ્પિટલ કેમ્પસ,મજુરા ગેટ,સુરત-૩૯૫૦૦૧ ફોન નં (૦૨૬૧) ૨૨૩૫૪૨૩ અને ફેક્સ નં - (૦૨૬૧) ૨૨૩૩૬૯૭ દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઈજારદારો પાસેથી ૦૨ (બે) કામ જેની અંદાજીત કીમત રૂા.૪૮.૫૪ લાખ થી રૂા.૨૨૦.૯૯ લાખ ની છે. જે કામ ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી ટેન્ડર માંગવામાં આવે છે. આ કામના ના ટેન્ડરનાં દસ્તાવેજો વેબ સાઈટ www.tender.nprocure.com ઉપર તા. ૧૮-૦૮-૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. વધારાની વિગતો માટે ઉપર જણાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

નોંધ ૧ - ટેન્ડર ફી, ઈ.એમ.ડી. વિગેરે ઓરીજનલ ડોક્યુમેન્ટ, ઓનલાઈન સ્કેન કરી અપલોડ કરવાના અને ૭ (સાત) દિવસમાં આર.પી.એ.ડી. થી મોકલવાના રહેશે.
ક્રમાંક/માહિતી-સુરત/૪૪૬/૨૦૨૬

ઓનલાઈન જાહેર નિવિદા - ૬૩ (૨૦૨૬-૨૭)
પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ગાંધીનગર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)

અધિક્ષક ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ડી-૧ થી ડી-૧૨ સ્ટાફ ક્વાટર્સની પાસે, નવી સીવીલ હોસ્પિટલ કેમ્પસ, મજુરા ગેટ, સુરત-૩૯૫૦૦૧ ફોન નં (૦૨૬૧) ૨૨૩૫૪૨૩ અને ફેક્સ નં - (૦૨૬૧) ૨૨૩૩૬૯૭ દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઈજારદારો પાસેથી ૦૨ (બે) કામ જેની અંદાજીત કીમત રૂા.૪૦૩૨.૭૫ લાખ થી રૂા.૭૩૦૨.૦૯ લાખ ની છે. જે કામ ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી ટેન્ડર માંગવામાં આવે છે. આ કામના ના ટેન્ડરનાં દસ્તાવેજો વેબ સાઈટ www.tender.nprocure.com ઉપર તા. ૨૯-૦૮-૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. આ કામની પ્રી-બીડ મીટીંગ તા. ૧૭-૦૮-૨૦૨૬ ના ૧૨.૦૦ કલાકના રોજ રાખવામાં આવેલ છે. વધારાની વિગતો માટે ઉપર જણાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

નોંધ ૧ - ટેન્ડર ફી, ઈ.એમ.ડી. વિગેરે ઓરીજનલ ડોક્યુમેન્ટ, ઓનલાઈન સ્કેન કરી અપલોડ કરવાના અને ૭ (સાત) દિવસમાં આર.પી.એ.ડી. થી મોકલવાના રહેશે.
ક્રમાંક/માહિતી-સુરત/૪૪૫/૨૦૨૬

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
સુરત ગ્રામ્ય વિભાગીયકચેરી
ઊર્જા સદનની સામે,નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીનાં કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ અને સમયે વીજપુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈ પણ જાતની જાણ કર્યા વગર વીજપુરવઠો. ચાલુ કરી દેવામાં આવશે.જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટસેન્ટર નં.	તારીખ/ વાર	સમય
૧	૬૬ કે.વી.કોસમાડા	૧૧ કે.વી. વેડછા	સારોલી	૮૯૮૦૮૦૩૮૫૦	૦૬.૦૮.૨૬/ ગુરુવાર	૦૯.૦૦ થી ૧૭,૦૦

કાર્યપાલક ઇજનેર(સં. અને નિ.),સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

જાહેર નિવિદા નં. ૪ સને ૨૦૨૬-૨૭

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા × મ) પ.ટા વિભાગ, જિલ્લા પંચાયત ભવન, જુનાથાણા, નવસારી ફોન નં.(૦૨૬૩૭) ૨૫૮૦૧૨/૨૩૩૫૫૬ ની કચેરી દ્વારા જિલ્લા પંચાયત, નવસારીમાં પહેલા માળે અને બીજા માળે કાર્યરત આર.ઓ. મશીનના વાર્ષિક મરામત અને સાફ સફાઈના ભાવો વર્તમાન તમામ ટેક્ષો સહિતના ભાવો સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. આ ભાવ અત્રેની કચેરીને તા.૦૭/૦૮/૨૦૨૬ સુધીમાં મળી જાય તે પ્રમાણે હાથોહાથ / પોસ્ટ થી રવાના કરવાના રહેશે. ભાવના કવર ઉપર " આર.ઓ. મશીનના વાર્ષિક મરામત અને સાફ સફાઈના ભાવો'' એવુ લખવાનું રહેશે. આવેલ ભાવો સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવ્યા બાદ કામગીરી કરવાની જાણ કર્યાથી કામગીરી સત્વરે કરવાની રહેશે.

આ નિવિદા અંગેની વધુ માહિતી અંગે કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં કચેરીના સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવાથી મળશે. ભાવો મંજુર કરવા કે ન કરતા તેના હક્કો અબાધિત રાખવામાં આવે છે.

નાયબ કાર્યપાલક ઈજનેર
પંચાયત (મા × મ) પેટા વિભાગ
નવસારી

માહિતી/નવસારી/૨૧૬/૨૦૨૬

સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા), સુરત
ઓન લાઈન ઈ.ટેન્ડરીંગ નોટીસ નંઃ સુડા/સીબી/૦૧/૨૦૨૬-૨૭

મુખ્ય કારોબારી અધિકારીશ્રી,સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુડા ભવન, વેસુ આભવા રોડ, વેસુ, સુરત - ૩૯૫૦૦૭ દ્વારા માન્યશ્રીની નોંધાયેલ ઇજારદારો / એજન્સીઓ પાસેથી નીચે જણાવેલ કામ માટે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.કામની વધુ વિગતો Website https://suda.nprocure.com and https://www.nprocure.com પર તા.૩૧/૦૮/૨૦૨૬ સુધી જોવા મળશે.

અ. નં.	કામનું નામ	કામની સંખ્યા
૧	CONSTRUCTION OF E.W.S.-II TYPE- 972 HOUSES AT T.P. NO.- 48 (KHOLVAD) F.P. NO.- 227 UNDER AHP COMPONENT OF PMAY-2.0 (U) IN SUDA, SURAT, GUJARAT.	૧

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
સુરત

ક્રમાંક . માહિતી-સૂરત/૪૪૩/૨૦૨૬